**ચિન્હો :-**

ચામડી સુકાઈને રૂક્ષ બની જાય છે. શરૂઆતના તબક્કામાં પશુ સુસ્ત અને નિષ્ક્રિય બની જાય છે. ટૂંકા અને ઝડપી શ્વાસોશ્વાસની ક્રિયા કરે છે. મોઢામાંથી લાળ બહાર પાડે છે. જીભ બહાર કાઢી, મોઢું ખુલ્લુ રાખી હાફે છે. શરીરનું તાપમાન ૧૦૫ ફે. થી ૧૧૦ ફેરનહિટ સુધી જોવા મળે ચે. ચામડીની શિરાઓ પહોળી થઈ જાય છે.

**અટકાવવાના પગલા :-**

પશુઓના શરીરનું તાપમાન ઘટે તેવા પગલાં લેવા જોઈએ. સીધો તાપ શરીર ઉપર આવતો હોય તેવા સ્થળેથી પશુઓને ઘટાદાર વૃક્ષો હેઠળ ખૂલી હવામાં બાંધવા જોઈએ. શરીર ઉપર ઠંડા સ્વચ્છ પાણીની છાલક અથવા ફૂવારો છાટવો માથાના ભાગમાં ઠંડા બરફ યુક્ત પાણીના પોતા મૂકવા, જાનવરોના ખોરાકમાં મીઠાનું યોગ્ય પ્રમાણે અને પીવાના સ્વચ્છ પાણીનો જથ્થો ઉપરોક્ત પરિસ્થિતિનો અંકુશ હેઠળ રાખી શકાય છે.

**(૧૦) વીજળી પડવી :-**

ખુલા ચરીયાણ વાળા વિસ્તારમાં, ચોમાસાની ઋતુમાં તોફાની વાતાવરણમાં, ઝાડ નીચે એકત્રિત થયેલા જાનવરોમાં કે એકલ દોકલ પશુઓમાં આકાશીય વીજળી પડવાથી પશુને ગંભીર ઈજાઓ થઈ શકે છે, પશુના ચેતાતંત્રના વિવિધ કેન્દ્રો ઉપર તેની અસર થતાં પશુમાં વિવિધ ચિન્હો જોવા મળે છે. જે ભાગ ઉપર વીજળી પડી હોય તે ભાગ બળી જાય છે અને વીજળી આકારના તે ભાગથી જમીનના સંપર્કવાળા ભાગ સુધી ઝીલ ઝેગ પ્રકારના "સીજીંગ માકર્સ" જોવા મળે છે.

**ચિન્હો :-**

ઘણા પશુઓમાં ઉપરોક્ત ચિન્હો ઉપરાંત લકવાની અસર પણ જોવા મળે છે. મુખ્યત્વે પગનો લકવો જોવા મળે છે. પશુ લંગડાય છે. દ્રષ્ટિવિહીનતા, અપંગતા વગેરે જોવા મળે છે. ઘણીવાર પશુ ભાન ગુમાવી બેસે છે. માથું તથા ગળું નીચેની તરફ રાખે છે. કાન લબડી પડે છે. આંખોની પાંપણ ભારે તથા બંધ થયેલ હોય તેવી લાગે છે. ગુદા, પેશાબની કોથળી તથા પાચનતંત્રમાં લકવાની અસર જોવા મળે છે. મૃત પશુઓમાં અર્ધ ચાવેલો ખોરાક મોઢામાં જ રહી ગયેલો જોવા મળે છે. બંધ જબડું અને નાક મોંમાંથી ફીણવાળું રક્તયુક્ત પ્રવાહી જોવા મળે છે.

**અટકાવ :-**

ચોમાસાની ઋતું દરમ્યાન પશુઓને બંધ યોગ્ય રહેણાકમાં આશરો આપવો તથા આવા ઈજાયુક્ત પશુઓને નજીકના પશુદવાખાને સારવાર અપાવવી.

**(૧૧)ડૂબી જવું :-**

જવલ્લે જ જોવા મળતી આ પ્રકારની આકસ્મિક પરિસ્થિતી ખાસ કરીને ચોમાસા દરમ્યાન આવતાં વિનાશક પૂર વખતે જોવા મળે છે. અકસ્માતે પશુ કૂવા કે હવાડામાં પડી જવાથી, પશુમાં નાક વાટે ફેફસામાં પાણી ભરાઈ જવાથી ડૂબી જાય છે. કુદરતી રીતે પશુઓ થોડાક સમય સુધી તો તરી શકે છે, પણ પાણીનાં વહેણનો પ્રવાહની ગતિ, પશુઓની અશકિત વગેરે તથા તુરંત સહાયતા ન મળતાં પશુ ડૂબી જાય છે.

**અટકાવ :-**

પશુઓને યોગ્ય રક્ષણ તથા માવજત પૂરી પાડવી, ઈજા પામેલ પશુને નજીકનાં પશુ દવાખાને સારવાર અપાવવી જોઈએ.



NAVSARI AGRICULTURAL UNIVERSITY

भाकृ अनुप ICAR

# પશુઓમાં અકસ્માતજન્ય પરિસ્થિતિના રોગો



## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર

**નવસારી કૃષિ યુનિવર્સિટી**

**આહવા રોડ, વઘઈ, જિ. ડાંગ**

**ફોન નં. (૦૨૬૩૧) ૨૯૯૬૪૫**

**Email : kvkwaghai@nau.in**

**Youtube : kvkwaghai**

**વર્ષ : ૨૦૨૦ - ૨૦૨૧**

પ્રકાશન નં. ૮૭/૨૦૨૦-૨૧

# પશુઓમાં અકસ્માતજન્ય રોગોની સમજણ

ડૉ. એસ. એ. પટેલ, ડૉ. પી. પી. જાવિયા, શ્રી જે. બી. ડોબરીયા,
શ્રી બી. એમ. વહુનિયા, શ્રી એચ. એ. પ્રજાપતિ, ડૉ. જી.જી. ચૌહાણ, ડૉ. એસ. ડી. કવાડ
કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, વઘઈ, ડાંગ

પશુઓના સામાન્ય રોગો (અપચો, આફરો, ઝાડા, શરદી વગેરે) અને સાંસર્ગિક ચેપી રોગો (ખરવા–મોવસા, ગલસુંઢો, કાળિયો તાવ વગેરે) સામે જરૂરી કાળજી દેખભાળ અને રક્ષણએ પશુપાલનના વ્યવસ્થાપનનું મહત્વનું પાસું છે.

નૈર્સગિક વાતાવરણમાં ઉછેરતા પશુઓ અને વન્ય જીવો તેમની રોજિંદા ક્રિયાઓ, વર્તણૂક તથા આંતરિક બૌધ્ધિક વિકાસ, તેમની સાથે રહેતા અન્ય પશુસમૂહ કે માતા દ્વારા કેળવવામાં આવતી હોય છે. પશુ કુદરતી વાતાવરણમાં પોતાને અનુકૂળ ખોરાક, ભયસ્થાનો તથા પોતે કરેલી ભૂલોના અનુભવ પરથી શીખે છે. પરંતુ દૂધ માંસ ઉત્પાદન સાથે સંકળાયેલ પશુઓને માનવશક્તિઓ જેમ કે વીજળીક શોક, ઈજા થવી, દાઝવું વગેરે માનવ વિકાસ જન્ય સબંધિત રોગોના શિકાર થઈ પડે છે. આ ઉપરાંત કુદરતી પરિસ્થિતિઓ કચડાઈ જવું વગેરે પરિસ્થિતિઓમાંથી પસાર થવું પડે છે. જેવી કે લૂ લાગવી, ડૂબી જવું, વીજળી પડવી, ધરતીકંપ જેવી આફતો સમયે મકાન, ભીત કે ભારે પદાર્થ હેઠળ કચડાઈ જવું.

**અસ્માતજન્ય પરિસ્થિતિઓને બે વિભાગમાં વર્ગીકૃત કરીએ તો**

**(૧) માનવ વિકાસ વ્યવસ્થાપન પરિસ્થિતિઓ :–**

આમાં ઈલેક્ટ્રીક ઉપકરણો, વાહનો, કારખાનાના પ્રદૂષિત વાતાવરણ, પશુઓના શિંગડા ડામવા, અપૂરતો ખોરાક આપવો, બે કાળજી રાખવી વગેરે આવી શકે છે, ઘણીવાર આપવામાં આવતા ખોરાકમાં બિન પોષણક્ષમ, અપૂરતા ખનીજક્ષાર યુક્ત, અપાચ્ય પદાર્થો જેમ કે પ્લાસ્ટિકની કોથળીઓ, ટાંકણી, સોય, ખીલી, પ્લાસ્ટિકની દોરી, ઝેરી તથા નીંદણયુક્ત વનસ્પતિઓ, કીટનાશક દવાઓ વગેરેની હાજરી હોવાથી અકસ્માતે પશુ ઉપાધિમાં આવી પડે છે. યોગ્ય દેખભાળ અને ખોરાક પાણી, રહેઠાણ વગેરેની યોગ્ય માવજત, સારસંભાળ અને ચીવટ ઉપરોક્ત પરિસ્થિતિઓની અસર ટાળી શકે છે અને પશુઓને ઉપરોક્ત પરિબળોથી બચાવી શકાય છે.

**(૨) કુદરતી પરિસ્થિતિઓ**

આગ, પૂર, વાવાઝોડું, વીજળી પડવી, ધરતીકંપ થવો સર્પદંશ વગેરે કુદરતી પરિબળો આગળ માનવી લાચાર છે કારણ કે આવી પરિસ્થિતિઓ અકસ્માતે, અચાનક જ આવી પડતી હોઈ, ઓછા સાધનો, સારવારના અભાવથી મોટી જાનહાનિ થઈ શકે છે.

પશુઓના પોતાના પગથી પોતાની પૂછડી છૂંદાઈને ગેંગરીન થવું. અકસ્માતે પશુ ગટર, કૂવા કે ઉંડા ખાડામાં પડી જવાથી ઈજા થવી, ફ્રેક્ચર થવું, વજનદાર વસ્તુઓના મારથી કરોડરજ્જુ કે મણકામાં ઈજા થવી વગેરે પરિસ્થિતિમાં તાત્કાલિક સારવાર અને નિદાન થવાથી પશુઓના મરણ દરને નીચું લાવી શકાય છે.



અત્રેના માનવ વિકાસ વ્યવસ્થાપન જન્ય અને કુદરતી આકસ્મિત પરિસ્થિતિઓનું ટુંકમાં આલેખન કરવામાં આવેલ છે.

**(૧) મોઢામાં ઈજા થવી**

કોઈ કાટાંવાળી, ધારદાર વસ્તુઓના સંસર્ગથી, અકસ્માતે પ્રદૂષિત રસાયણો યુક્ત ઝેરી પદાર્થ મોઢામાં લેવાથી, રસાયણો (પારો, લેડ, આર્સનિક જેવા પદાર્થો) યુક્ત ખોરાક ખાવાથી, કાચ જેવા પદાર્થોથી મોઢામાં પશુઓને ચીરા પડે છે, ઘા ઈજા થઈ શકે છે. ખાસ કરીને અછતની પરિસ્થિતિમાં ખોરાકની શોધમાં પશુ અકસ્માતે આવી વસ્તુઓના સંપર્કમાં આવી શકે છે.

**ચિન્હો :–**

પશુ ખોરાક લઈ શકતું નથી. મોઢામાં સોજો આવે છે, જીભ, તાળવું અને પેઢાની ત્વચા લાલાશ પડતી સુઝેલી જોવા મળે છે. લાંબા ગાળે ચાંદા પડે છે. પશુ લોહી પરૂ યુક્ત લાળ પાડે છે.

**અટકાવ :–**

પશુઓને આપવામાં આવતા ખોરાકની જાત તપાસ અને ચકાસણી મહત્વનો ભાગ ભજવે છે. ગોચર ચારણમાં રહેતા ચરતા પશુઓ માટે એ ગોચરની જમીનનું અવલોકન કરવાથી અને આવા પદાર્થો દૂર કરવાથી આ પરિસ્થિતિ અટકાવી શકાય છે. ઈજાવાળા પશુના મોઢામાં સ્વચ્છ પાણીથી સાફ કરી, ફટકડી યુક્ત દ્રાવણથી ઘાને ધોવાથી અને મોઢામાં ઘી કે ગ્લિસરીન વડે ઘાને સાફ કરી નજીકના પશુચિકિત્સકનો સંપર્ક કરવો જોઈએ.

**(૨) નસકોરી ફૂટવી**

આકસ્મિત રીતે ખોરાક નળી (સ્ટમક ટ્યુબ) પસાર કરવામાં થતી ઈજાથી, નાશના ઉપરના હાડકામાં ઈજા થવાથી, નાકમાં જંતુ કે પરોપજીવી દ્વારા ઈજા થવાથી, વધુ પડતાં તાપમાનથી, ચાંદા પડવાથી પશુઓના નાક દ્વારા લોહી નીકળે છે. ઘણીવાર હેમેરેજીકઓમાં, ચેપી રોગોમાં, ઝેરી પદાર્થોથી કાળીયા તાવમાં, પારાયુક્ત ઝેરથી અથવા મોરથૂથુંના ઝેરથી પણ જાનવરોમાં નાકમાથી લોહી નીકળે છે.

**ચિન્હો :–**

એક બાજુના નાક દ્વારા ધીમેધીમે ટીપાયુક્ત તાજું લોહી જે તે નાકમાં થયેલી ઈજા બતાવે છે. કાળાશ પડતું દુર્ગંધ યુક્ત ગાંઠા ગળફાંવાળું લોહી અન્ય રોગોના લક્ષણો બતાવે છે. ફીણયુક્ત લોહી ફેફસાની ઈજા બતાવે છે. આવા કેશમાં બંને નાકમાંથી લોહી નીકળે છે.

**અટકાવ :–**

રોગનું યોગ્ય નિદાન કરવાથી જરૂરી સારવાર કરવાથી ઉપરોક્ત પરિસ્થિતિને કાબુમાં લઈ શકાય છે. સામાન્ય રીતે આવી ઈજામાં પશુના માથા ઉપર ઠંડા પાણીનો છંટકાવ કે પોતા મૂકવાથી લોહી વહેતું બંધ થઈ જાય છે. નજીકના પશુચિકિત્સકનો સપર્ક કરવો જોઈએ.

**(૩) અપચો**

અછતગ્રસ્ત પરિસ્થિતિમાં અથવા ભૂખ્યા પશુને ઘણીવાર અનાયસે લીલો ઘાસચારો, રજકો, અનાજ, લોટ વગેરે એકી સાથે વધુ પડતો ખોરાક લઈ લેવાથી અપચા જેવી સ્થિતિ થઈ શકે છે. ફોસ્ફરસ જેવા ખનીજ તત્વોની ઉણપથી પણ પશુ ઘણીવાર ઓચિંતાવાળ, પોતાની જરાયુ (બોર), કપડાં, સાવરણીના ઠૂંઠા,

પ્લાસ્ટિક વગેરે અખાદ્ય પદાર્થો અકસ્માતે ખોરાક રૂપે લઈ લે છે, સામાન્ય રીતે ઉપરોક્ત પરિસ્થિતિ પશુઓની પાચનશક્તિ ઘટાડે છે. પશુઓમાં ખોરાક પ્રત્યે અરુચિ, અપચો, કબજિયાત અને વાગોલવાની ક્ષમતામાં ઘટાડો જોવા મળે છે.

**(૪) ચોક અન્નનળીમાં અટકાવ ડૂચો બઝવો**

વાગોળતા પશુઓમાં મોટાભાગે ખોરાક ચાવ્યા વગર ગળી જવાની ટેવ તેમજ મોઢામાં વસ્તુઓના સ્વાદ પારખવાની મંદતાને કારણે પશુઓની અન્નનળીમાં ખોરાક અટકી જતો હોય છે. ખાદ્ય પદાર્થો જેમકે ગાંઠોયુક્ત ખોરાક, સુરણ, બીટ, મૂળાવાળા શાકભાજી, મકાઈના ડુંડા, ફોતરાં, કેરીનાં ગોટલા, કોબી વગેરે પદાર્થો એક કરી શકે છે. અખાદ્ય પદાર્થો જેમ કે એલ્યુમિનિયમના નાના ડબ્બાના ઢાંકણાઓ, પતરાં, કાચ ચાંદા તથા બહારના ભાગમાંથી ગાંઠ, ગુમડા વગેરેથી થતી અન્નનળીની સંકળાશ પણ ઉપરાંત પરિસ્થિતિ માટે પરિસ્થિતિ પણ જવાબદાર છે.

**ચિન્હો :-**

ફસાયેલ વસ્તુને બહાર કાઢવા અથવા અંદર જઠરમાં ધકેલવા પશુ પોતાની રીતે પ્રયત્ન કરતું જોવા મળે છે ખાંસે છે, માનસિક રીતે અસ્વસ્થ બને છે, લાળ પડે છે, આફરી જાય, વધુ પડતું ઉછળ કૂદ કરે કે ઉથલા મારે, બેચેન લાગે, ગળાના ભાગે સ્પર્સ કરવાથી ફસાયેલ પદાર્થ માલૂમ પડે છે.

અન્નનળીના પાછલા ભાગમાં આવો અટકાવ થતા જાનવર ચંચળ બને, આફરી જાય, ગળામાંથી વિચિત્ર અવાજ કરે શ્વાસોશ્વાસમાં તકલીફ પડે કે મોં ખૂલું રાખી શ્વાસ લે છે. ઉપરોક્ત પરિસ્થિતીનું નિર્માણ થાય ત્યારે તરત જ પશુચિકિત્સકનો સંપર્ક કરવો જોઈએ.

**અટકાવ :-**

ખુલ્લા ગોચરમાં કે ચરણમાં ચરતા પશુઓ આવો ખોરાક ના લે તેની કાળજી રાખવી, પશુઓને ખોરાક ઘાસચારો નાના ટુકડા કરી આપવો.

**(૫) ઝેર/વિષની અસર થવી**

અજાણતા ઘણીવાર પશુ ઝેરી પદાર્થ સૂંઘવાથી, ખોરાકમાં લેવાથી, ચાટવાથી ઝેરની અસર હેઠળ આવી શકે છે. આવા ઝેરની અસર તે ઝેરી તત્વોના પદાર્થોના રસાયણિક બંધારણ, તીવ્રતા, માત્રા તથા પશુની ઝેર પ્રત્યેના શારીરિક ઝેર દૂર કરવાની ક્રિયાઓ પર નિર્ભય રહે છે. અછતગ્રસ્ત વિસ્તારમાં પશુ અજાણી ઝેર વનસ્પતિઓ (આકડો, ધતૂરો, દિવેલી કરેણ, નીંદણ, દુધેલી, અંધેડો) ખોરાક લેવાથી કે ઘાસચારો સાથે અકસ્માતે આવા ઝેરી છોડ ખોરાકમાં આપતા ઉપરોક્ત પરિસ્થિતિ બને છે.

આસપાસમાં રહેલા પ્રદુષિત પાણી, ખોરાકના સંપર્કમાં આવવાથી, વાહનોની બેટરી ચાટવાથી, રંગકામના રંગવાળી. દીવાલ ચાટવાથી, કીટકનાશક દવાઓ યુક્ત ખોરાક/ઘાસચારો ખાવાથી પશુમાં ઝેરની અસર જોવા મળે છે. કાળાશ રંગના ઝાડા કરે છે, આંખોની કીકીઓ મોટી કે નાની થઈ જાય છે.

**ચિન્હો :-**

મોટા ભાગે પશુઓના મોઢામાં સોજો આવે છે. મોંની ત્વચા લાલાશ પડતી થઈ જાય છે. લાળ પડે, બેચેન બની જાય છે. રસાયણો કે ઝેરી પદર્થોના ગુણધર્મ મુજબ પશુની માનસિક સ્થિતિ તણાવયુક્ત જોવા મેળે છે. શ્વાસોશ્વાસ, નાડી અને શરીરના તાપમાનમાં ફેરફાર જણાય છે.

**અટકાવ :-**



પશુઓના ખોરાકમાં યોગ્ય માવજત, દેખભાળ તથા ચોકસાઈ વર્તવામાં આવે તો ઉપરોકત અકસ્માત નિવારી શકાય છે. પશુઓને ઝેરી અજાણી વનસ્પતિયુક્ત ખોરાક ન આપવો. ઘાસચારો આપતા પહેલા તેને સ્વચ્છ પાણીથી ધોઈને આપવો, ઝેરની અસર જાણતા પશુઓને તાત્કાલિક નજીકના પશુચિકિત્સક દ્વારા સારવાર આપવી જોઈએ.

**(૬) દાઝવું**

આકસ્મિક રીતે પશુ અગ્નિથી, ફટાકડાથી કે રસસાયણોના સંપર્કથી દાઝી જાય છે. દાઝેલા ભાગની ચામડી બળી જતાં પશુમાં ઝેર પણ ફેલાઈ શકે છે. ચામડી વિવિધ પડ, કોષો તથા સ્નાયુઓના ભાગના વિવિધ કક્ષાની ઈજામાં દાઝેલા ભાગ ઉપર પરપોટા જેવા ફોલ્લા થઈ જાય છે. તેમાં પાણી ભરાઈ જાય છે. દાઝવાના વધુ પડતાં ભાગથી પશુમાં શરીરના કોષીય તરલ પદાર્થોનો ઘટાડો થવાથી, ચેપ લાગવાથી કે મૂત્ર ઉત્સર્જન કાર્યવિહીનતાથી પશુઓમાં શોક લાગી શકે છે.

**અટકાવઃ-**

પશુઓને અગ્નિયુક્ત, ફટાકડા તથા જ્વલનશીલ પદાર્થોથી દૂર રાખવા, દાઝેલા ભાગ ઉપર છાણ, માટી વગેરે ન લગાડતા. ઠંડા પાણીનો છંટકાવ કરવો તથા તાત્કાલિક નજીકના પશુ ચિકિત્સક દ્વારા સારવાર આપવી જોઈએ.

**(૭) સર્પદંશ**

સાપ જેવા સરીસૃપ પ્રાણીઓથી ઘણીવાર પશુઓમાં સર્પદંશના કેસો જોવા મળે છે. ઝેરી સાપના કેસમાં પશુને કરડેલા ભાગ ઉપર સોજો, લોહી વહે છે, લોહી પાતળું તથા કાળું પડેલું જોવા મળે છે. હૃદય અને શ્વાસોશ્વાસની ક્રિયા અનિયમિત જણાય છે.

**અટકાવ :-**

નજીકના પશુચિકિત્સકનો સંપર્ક તથા સારવાર હિતાવહ છે. સર્પદંશ થયેલ ભાગના ઉપરની તરફ (જો પગ હોય તો) સમયાંતરે ખોલી શકાય તેવી દોરી કે કપડું બાધવું જેથી વિષ શરીરના અન્ય ભાગોમાં ફેલાય નહીં. ઉપરોક્ત બાબતે પણ જાણકાર પશુચિકિત્સકનો મત લેવો હિતાવહ છે. સર્પદંશ ક્રિયા પ્રતિકારક રસી આપવી જરૂરી છે.

**(૮) ઈલેક્ટ્રીક શોક :-**

પશુઓને અકસ્માતે વિજળી વહેતા જીવંત વાયરના સંપર્કમાં આવવાથી, ભીની માટી, તળાવ, કે ખાબોચિયામાં વહેતા વિદ્યુતપ્રવાહના સંપર્કમાં આવવાથી, વિજળીક શોક લાગે છે, શરીરના જે ભાગમાં ઈલેક્ટ્રીક વાયરનો સંપર્ક થયેલ હોય ત્યાં ફીકાશ પડતાં દાઝેલાનું ચિન્હ જોવા મળે છે. શ્વસનતંત્રનો સોજો, હૃદયની અનિયમિતતા તથા વેલ્ટેજના પ્રમાણે પશુઓમાં અસર જોવા મળે છે.

**અટકાવ :-**

વિજળીક પ્રવાહ અટકાવો, મુખ્ય સ્વિચ/ફ્યૂઝ દૂર કરવો, નજીકના પશુદવાખાનામાં સારવાર અર્થે દાખલ કરવું જોઈએ.

(૯) લૂ લાગવી

ઉનાળાની ઋતુમાં વધુ પડતાં તાપમાનથી કે જાનવરોને લાંબા સમય સુધી મહત્તમ તાપમાનની ગરમીમાં રાખવાથી કે જ્યા પૂરતી હવા ઉજાસનો અભાવ હોય તેવા ઓરડામાં નાની અને ઓછી જગ્યામાં વધુ પડતાં પશુઓ બાંધવાથી પશુઓના શરીરના તાપમાનમાં વધારો થવાથી લૂ લાગે છે.